વિસ્તારક યોજનાને પ્રચંડ જન પ્રતિસાદ મળ્યો : ભાજપ

કર્ણાવતી મહાનગર મીડિયા સેલની એક અખબારીયાદીમાં જણાવ્યાનુસાર છેલ્લા ૪ દિવસથી શરૂ કરેલી વિસ્તારક યોજના પ્રજાજનોમાં સત્કાર, સન્માન અને ભાવ્નાતાત્મક લાગણી જન્માવી રહી છે.

રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહની એવી શીખ રહી છે કે સંગઠન એ પક્ષનો આત્મા છે, મજબુત સંગઠન પક્ષની વિચારધાને તથા સરકારના પ્રજાલક્ષી કાર્યક્રમોને જન જન સુધી પહોંચાડવામાં અત્યંત મદદરૂપ બનતા હોય છે. રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહની પ્રેરણા અનુસાર પ્રજામાં પ્રજાલક્ષી કાર્યોને જન જન સુધી પહોંચાડીને પક્ષને નવી ઉંચાઈ આપવાનું પવિત્ર કાર્ય વિસ્તારકો કરી રહ્યા છે. આજ રોજ વિસ્તારક યોજનાના ચોથા દિવસે વિસ્તારકો બુથમાં રહેતા તમામ સરકારી યોજનાના લાભાર્થીઓનો સંપર્ક કરશે અને તેમના અનુભવો જાણશે તેમજ તેમના જીવનમાં આવેલ સુખદ પળો અન્ય લોકો સુધી પહોચાડવાનું પવિત્ર કાર્ય તથા ભાજપાની મુળ વિચારધારા એકાત્મ માનવવાદ અને સૌનો સાથ સૌનો વિકાસ લોકો સુધી પહોંચાડવાનું કાર્ય વિસ્તારકો કરી રહ્યા છે. કર્ણાવતી મહાનગરના સંગઠનના વિવિધ પદાધિકારીઓ, તેમજ પ્રદેશ કક્ષાના વિવિધ આગેવાનો વિસ્તારક યોજના માટે નીકળ્યા હતા. અમદાવાદ પશ્ચિમ લોકસભાના સંસદ સભ્ય ડૉ. કિરીટભાઈ સોલંકી અસારવા વિધાનસભામાં વિસ્તારક તરીકે જન સંપર્કમાં જોડાયા હતા.

ગાય માતાના નામ પર સરકાર દ્વારા રાજનીતિ

અમદાવાદ, તા.૩૧

ચારે બાજુથી ઘેરાયેલી, નિષ્ફળ અને ભ્રષ્ટ ભાજપ સરકાર સત્તા ગુમાવવાના ડરના લીધે ગાયમાતાના નામે રાજનિતી કરી રહી છે. કોંગ્રેસ પક્ષના કાર્યાલય પર મોડી રાત્રે હિંસક હુમલો કરી ભાજપ-બજરંગદળનો હિંસાત્મક ચહેરો ફરી એકવાર ખુલ્લો થયો, ત્યારે ભાજપ સરકારની ચૂંટણીલક્ષી ગૌ-ભક્તિ અંગેપ્રશ્ન પુછતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, કેન્દ્રની અને રાજયની ભાજપની સરકાર સંપૂર્ણ પણે નિષ્ફળ ગઈ છે ત્યારે ગાય માતાને નામે રાજનિતી કરીને સમાજને ગુમરાહ કરવા નીકળેલ છે. ગાયના મોઢાનું તણખલુ પણ ન ખપે તો પછી છેલ્લા ૨૨ વર્ષમાં ભાજપની સરકારે હજારો હેક્ટર ગૌચરની જગ્યાઓ ભ્રષ્ટાચારીઓને કેમ આપી. ગૌચર ભાજપે ન રહેવા દીધુ તેથી ગાય પ્લાસ્ટિકની કોથળીઓ ખાવા મજબુર બને છે અને રીબાઈ રીબાઈને મરે છે. કેરળની ઘટના સામે આવતા જ કોંગ્રેસ મોવડી મંડળે કહેવાતા યુવક કોંગ્રેસના લોકોને પક્ષમાંથી હાંકી કાઢ્યા એટલુંજ નહી જવાબદાર સામે કડકમાં કડક પગલાં લેવા માંગણી કરી છે. ભાજપ શાસનમાં ગેરકાયદે કતલખાના ધમધમી રહ્યા છે. આવી સ્થિતિમાં ભાજપ અને ભગીની સંસ્થાઓની ગૌભક્તિ ક્યાં છે.

ગાંધીનગર જિલ્લા હોટલ માલિકોની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેર તથા જિલ્લાના તમામ હોટલ માલિકોની મહત્વની મિટિંગ આજરોજ કલેક્ટર કચેરી ખાતે ડેપ્યુટી કમિશનર

મનોરંજન કર તથા કલેક્ટર ગાંધીનગર તથા કલોલ અને ગાંધીનગર પ્રાંત અધિકારી સાથે યોજાઈ હતી. જેમાં આગામી ૧લી જુલાઈથી લાગુ પડતાં નવા ટેક્ષ જી.એસ.ટી.ના સંદર્ભમાં ચર્ચા-વિચારણા થઈ હતી. જેમાં હોટલ માલિકોનું ઓનલાઈન રજીસ્ટ્રેશન બાકી છે અને જેમનુ ઓનલાઈન રજિસ્ટ્રેશન થઈ ગયુ છે તે હોટલોને જી.એસ.ટી.ની વેબસાઈટ પર જઈ યુજર આઈડી તથા પાસવર્ડ બનાવી જી.એસ.ટી.માં સંકલીત થવા બાબતની સંપૂર્ણ જાણકારી આપવામાં આવી હતી અને જે મિત્રોને કોઈ પણ જાતની તકલીફ ન પડે તેમના માટે પ્રાંત ઓફિસ ખાતે હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. જેસવારે ૧૦.૩૦થી સાંજના ૬ સુધી કાર્યરત રહેશે અને આ સાથે રજીસ્ટ્રેશન માટે માર્ગદર્શન માટેની જાણકારી આ સાથે મોકલવામાં આવી છે. તેમજ વહેલી તકે રજીસ્ટ્રેશન કરી લેવા હોટલ ઓનર્સ વેલફેર એસોસિએશન ગાંધીનગરના સેક્રેટરી રાકેશ જાનીએ જણાવ્યું છે.

અમિત શાહે આદિવાસી પરિવાર સાથે ભોજન લીધું

ભાજપ અધ્યક્ષ અમિત શાહે આજે છોટાઉદેપુર જેવા આદિવાસી જિલ્લામાં કોંગ્રેસની પરંપરાગત વોટબેંક ગણાતા વિસ્તારમાં ખાંચો પાડવા ભાજપ કાર્યકર અને ખેતમજુર પોપટભાઈ રાઠવાના ઘેર આદિવાસી ભોજનની લિજ્જત માણી હતી. અમિત શાહે મકાઈના રોટલા, ભાજી, ભીંડાદહીનું શાક, અડદના ઢેબરાં અને દાળભાતનું ભોજન લીધું હતુ. દેવળીયાના ૯૦ ટકા કોંગ્રેસને ફાળે જાય છે. કુલ ૩૮૦૦ની વસ્તી ધરાવતા દેવળીયામાં આઝાદી બાદથી ૯૦ ટકા મત કોંગ્રેસને ખાતે જ જાય છે. એટલે કોંગ્રેસના ગઢમાં ગાબડાં પાડવાના આયોજનરૂપે ૩૦૦૭ મતદાતા ધરાવતા આ ગામને અમિત શાહે પસંદ કર્યું હતું. તેઓ હેલિકોપ્ટરથી ઘેલવાટ અને ત્યાંથી કાર દ્વારા દેવળીયા પહોંચ્યા હતા. દેવળીયામાં તેમના ચાર કલાકના રોકાણ દરમિયાન ૧૫ ઘરમાં રૂબરૂ મુલાકાત કરી સરકારના વિકાસકાર્યોની માહિતી આપી હતી. અમિત શાહ સાંજે વડોદરા મુકામે સર સયાજીરાવ નગરગૃહ ખાતે આયોજિત પ્રબુદ્ધ નાગરિક સંમેલનને પણ સંબોધન કર્યું હતું. આવતીકાલે અમિત શાહ બોડેલીમાં આદિવાસી સમાજના આગેવાનો સાથે બેઠકમાં ભાગ લેશે.

રજીસ્ટર્ડ પાંજરાપોળ તેમજ ગૌશાળામાં રાહતદરે ઘાસ

૧૫ જિલ્લાઓમાં આજથી ખરીફ મૌસમમાં સિંચાઈ માટે નર્મદા શાખા નહેરોમાં નર્મદાના પાણી છોડાશે : ચુડાસમા

અમદાવાદ, તા.૩૧

રાજયનાં અછત અને અસરગ્રસ્ત વિસ્તારોની સમીક્ષા કરવા આજે રાજય સરકારની પેટા સમિતિની યોજાયેલી બેઠકમાં મહેસુલ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાની અધ્યક્ષતામાં વરિષ્ઠ મંત્રીઓ અને ઉચ્ચ અધિકારીઓની યોજાયેલી સમીક્ષા બેઠકમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીના પ્રત્યક્ષ માર્ગદર્શન હેઠળ બે મહત્વના નિર્ણયો લેવાયા છે. રાજયની સિંચાઈ, પીવાના પાણી અને પશુધન માટે ઘાસચારાની સંભવિત જરૂરિયાતને ધ્યાનમાં લઈ રાજય સરકારના સંવેદનશીલ અભિગમની પ્રતિતિ કરાવતા બે મહત્વના નિર્ણયો અંતર્ગત મુખ્યમંત્રી વિજય રૂપાણીની સીધી સુચનાથી ૧, જુનથી સરદાર સરોવર નર્મદા યોજના કમાંડ વિસ્તારમાં ખરીફના આગોતરા આયોજન માટે સિંચાઈ માટેનું પાણી છોડવાનો નિર્ણય લેવાયો છે. જ્યારે બીજો નિર્ણય રાજયના અછત અને અસરગ્રસ્ત ૧૯ જિલ્લાના રજિસ્ટર્ડ થયેલ પાંજરાપોળ અને ગૌશાળાના પશુધનને પ્રતિદિન પ્રતિ ઢોરદીઠ ૪ કિલોગ્રામની મર્યાદામાં બે રૂપિયે કિલોગ્રામના રાહતદરના ભાવથી પશુઓ માટે ઘાસચારો પુરો પાડવાનો નિર્ણય પણ આજની બેઠકમાં લેવાયો હોવાનું મહેસુલ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે.

અછત રાહત અંગેની રાજય સરકારની પેટા સમિતીની આજે પાણી પુરવઠા મંત્રી બાબુભાઈ બોખીરીયા ઉપરાંત સંબંધિત ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે યોજાયેલી બેઠકમાં લેવાયેલા નિર્ણય અનુસાર ખરીફ મોસમમાં આગોતરા વાવેતરના આયોજનના ભાગરૂપે નર્મદા કમાન્ડ વિસ્તારમાં આવતા જિલ્લાઓ નર્મદા, ભરૂચ, પંચમહાલ, છોટાઉદેપુર, વડોદરા, ખેડા, અમદાવાદ, મહેસાણા, બનાસકાંઠા, પાટણ, ગાંધીનગર, ભાવનગર, બોટાદ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં તબક્કાવાર વધીને ખરીફ મોસમ માટે જરૂરિયાત ઉભી થયે ૪ લાખ હેકટર વિસ્તારમાં નર્મદા શાખા નહેરો ધ્વારા નર્મદાનું પાણી ખરીફ સિંચાઈ માટે આપી શકાશે. જે ૧૯ જિલ્લાઓમાં રજિસ્ટર્ડ પાંજરાપોળ અને ગૌશાળાઓને રાહતદરે ઘાસચારો પુરો પાડવાનો નિર્ણય લેવાયો છે તેમાં સૌરાષ્ટ્ર કચ્છના રાજકોટ, ભાવનગર, જુનાગઢ, પોરબંદર, અમરેલી, સુરેન્દ્રનગર, દેવભુમિ દ્વારકા, કચ્છ, મોરબી, ગીર સોમનાથ, બોટાદનો સમાવેશ થાય છે. જ્યારે ઉત્તર ગુજરાતમાં અમદાવાદ, ગાંધીનગર, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા અને પાટણ જિલ્લાનો સમાવેશ થાય છે. હાલમાં રાજયમાં અછતગ્રસ્ત જાહેર કરાયેલ ગામોમાં સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના ૬ ગામોને રાહતદરે ઘાસ પુરુ પાડવા નિર્ણય કરેલ છે.

ધોરણ-૧૦ના પૂરક પરીક્ષા આઠમી જૂલાઈથી શરૂ થશે

ગાંધીનગર, તા.૩૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ-૧૦ અને ૧૨ ની પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા અનુક્રમે તા. ૮ જૂલાઈથી અને તા.૧૨ જૂલાઈથી શરૂ થશે. ધોરણ-૧૦ની પૂરક પરીક્ષામાં અમદાવાદ સહિત રાજયભરના આશરે ચાર લાખથી વધુ વિદ્યાર્થીઓ બેસે તેવી શકયતા છે. ધોરણ-૧૦ની પૂરક પરીક્ષા તા.૮ જૂલાઈથી તા.૧૧ જૂલાઈ દરમ્યાન લેવાશે, જયારે ધોરણ-૧૨ની પૂરક પરીક્ષા તા.૧૨મી જૂલાઈથી શરૂ થશે. ધો-૧૦ની પૂરક પરીક્ષા બે ભાગમાં લેવાશે.

જેમાં પ્રથમ ભાગમાં પાર્ટ -એ માં ઓએમઆર પધ્ધતિથી ૬૦ મિનિટના સમયગાળામાં ૫૦ પ્રશ્નો પૂછાશે. જયારે પાર્ટ-બીમાં બે કલાકના સમયગાળામાં ટૂંકા-લાંબા વર્ણનાત્મક પ્રશ્નો, નિબંધો વગેરેના જવાબો વિદ્યાર્થીઓએ આપવાના રહેશે. પૂરક પરીક્ષાનું પરિણામ જૂલાઈના છેલ્લા સપ્તાહ સુધીમાં જાહેર કરી દેવાય તેવી શકયતા છે. જેથી એક બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થી પૂરક પરીક્ષામાં પાસ થઈને આગળના વર્ષમાં અભ્યાસ કરી શકે. પૂરક પરીક્ષા લગભગ ૩૫ જેટલા પરીક્ષા કેન્દ્રો પર લેવાનું બોર્ડનું આયોજન છે. ઉલ્લેખનીય છે કે, ધોરણ-૧૦ ના વિદ્યાર્થીઓ ગણિત, વિજ્ઞાનમાં સારૂ પ્રદર્શન કરી શકયા ન હોવાના કારણે ૨.૨૩ લાખ વિદ્યાર્થીઓ વિજ્ઞાન અને ટેકનોલોજીમાં, ૨.૩૮ લાખ ગણિતમાં અને ૨.૧૩ લાખ વિદ્યાર્થીઓ અંગ્રેજી દ્વિતીય ભાષામાં નાપાસ થયા હતા. જયારે રિપીટર અને ખાનગી વિદ્યાર્થીઓની સંખ્યા કે જેઓ એક વિષયમાં નાપાસ થયા છે, તેમની સંખ્યા ૨૩,૩૧૯ની છે.

આરટીઈ હેઠળ ૪૬ હજાર વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો

અમદાવાદ, તા.૩૧

રાઈટ ટુ એજયુકેશન એકટ અંતર્ગત ધોરણ-૧માં વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવાની કાર્યવાહીમાં અત્યારસુધીમાં રાજયભરમાં ૬૪ હજાર જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો પરંતુ તે પૈકી પ્રવેશ કન્ફર્મ કરવાની મુદત પૂર્ણ થતાં સુધીમાં ૪૬ હજાર જેટલા વિદ્યાર્થીઓએ જ પ્રવેશ કન્ફર્મ કરાવ્યા છે. જ્યારે બીજીબાજુ, જે વાલીઓએ પ્રવેશને લઈ વાંધાઅરજીઓ રજૂ કરી છે તેમને હજુ સુધી પ્રવેશ ફાળવાયા નહી હોવાથી વાલીઓમાં રોષની લાગણી ફેલાઈ છે. આરટીઈ એકટ હેઠળ હજુ ૧૮ હજાર જેટલી જગ્યાઓ ખાલી હોવાનું જાણવા મળી રહ્યું છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, આરટીઈ એકટ અન્વયે ધોરણ-૧માં પ્રવેશ ફાળણી ઓનલાઈન કાર્યવાહી મારફતે હાથ ધરાઈ હતી. જેમાં વાલીઓ પાસેથી ઓનલાઈન ફોર્મ ભરાયા બાદ તેઓને કામચલાઉ પ્રવેશ ફાળવાયા હાત. જેમાં અનેક છબરડા રહી જતાં વાલીઓ પાસેથી વાંધાઅરજીઓ મંગાવી તેના આધારે કાયમી પ્રવેશ ફાળવાયો હતો. જો એ પછી પણ કેટલાક છબરડા રહી ગયા હતા. અંતે રાજયભરમાં કુલ ૬૪૮૭૩ વિદ્યાર્થીઓને કાયમી પ્રવેશ ફાળવાયા હતા. તેઓને તા.૧૫મી તા.૨૫મી મે સુધીમાં પ્રવેશ કન્ફર્મ કરી લેવા તાકીદ કરાઈ હતી. આ સમયમર્યાદા પૂર્ણ થતા સુધીમાં તમામ વિદ્યાર્થીઓના પ્રવેશ કન્ફર્મ નહી થતાં સત્તાવાળાઓએ પ્રવેશ કન્ફર્મની તારીખ ૩૦મી મે સુધી લંબાવી હતી. આ મુદત પૂર્ણ થતાં સુધીમાં કુલ ૪૬૭૭૧ વિદ્યાર્થીઓના પ્રવેશ કન્ફર્મ થયા છે. જયારે બાકીના ૧૮ હજાર વિદ્યાર્થીઓના વાલીઓ તરફથી હજુ પ્રવેશ કન્ફર્મ નહી કરાવાયા હોવાનું જાણવા મળે છે. અમદાવાદ શહેરમાં ૧૧૧૯૦ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવાયો હતો, તેની સામે ૬૪૩૭ પ્રવેશ કન્ફર્મ થયા હતા. જયારે અમદાવાદ ગ્રામ્યમાં ૭૦૪૧ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવાયો હતો, તેની સામે ૪૫૭૪ વિદ્યાર્થીઓએ પ્રવેશ કન્ફર્મ કરાવ્યો હતો. બીજીબાજુ, જે વાલીઓએ વાંધાઅરજીઓ રજૂ કરી હતી, તેઓના પ્રવેશના હજુ ઠેકાણાં પડયા નથી, જેને લઈ વાલીઓએ ઉગ્ર રોષ ઠાલવ્યો હતો.

ભાજપની વિસ્તારક યોજના અંતર્ગત રાજ્ય બાળ આયોગના ડિરેક્ટર અને ડીસા ભાજપના અગ્રણી ડૉ. રાજુલબેન દેસાઈએ સરકારી યોજનાના લાભાર્થીઓ વચ્ચે જઈ સરકારની કામગીરી વિશે તેમજ મતદાર તરીકેની ફરજો વિશેની વિસ્તૃત વાતો કરી હતી. ભાજપની વિસ્તારક યોજનાથી ઉત્તર ગુજરાતના કાર્યકર્તાઓમાં નવા ઉત્સાહનો સંચાર થયો છે.

કાર બ્લાસ્ટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતા. સાક્ષીઓએ કહ્યું છે કે આ બ્લાસ્ટના કારણે ડઝનથી વધુ કારના ફૂરચે ફૂરચા ઉડી ગયા હતા. ભારે દહેશત ફેલાઈ ગઈ હતી. અંધાધૂંધીમાં લોકો ચારેબાજુ ભાગતા નજરે પડ્યા હતા. સાથે સાથે પોતાના નજીકના સંબંધીઓને શોધતા નજરે પડ્યા હતા. કોને ટાર્ગેટ બનાવીને આ હુમલો કરવામાં આવ્યો હતો તે સંદર્ભમાં હજુ સુધી માહિતી મળી શકી નથી પરંતુ અફઘાનિસ્તાનમાં વારંવાર આ પ્રકારના હુમલાઓ થતા રહે છે. ચાર કલાકથી પણ વધુ સમય બાદ પણ સ્થિતિ કાબુમાં આવી ન હતી. આગ ઉપર કાબુ મેળવવાના પ્રયાસો કલાકો સુધી ચાલ્યા હતા. આસપાસ આવેલી ઈમારતોમાં આગ ફાટી નીકળી હતી. અગાઉ મોતનો આંકડો ૪૯ અપાયો હતો પરંતુ મોડેથી સુધારીને ૮૦ કરાયો હતો. આ હુમલા માટેની જવાબદારી હજુ સુધી કોઈએ સ્વીકારી નથી. બીજી બાજુ અફઘાનિસ્તાન તાલિબાને હુમલામાં સંડોવણી હોવાનો ઈનકાર કર્યો છે. અફઘાનિસ્તાનના પાટનગરમાં હાલના વર્ષોમાં થયેલા હુમલામાં આઈએસએ પણ જવાબદારી સ્વીકારી છે. અત્રે નોધનિય છે કે અગાઉ નાટોના કાફલાને ટાર્ગેટ બનાવીને ત્રીજી મેના દિવસે હુમલો કરાયો હતો. જેમાં આઠ લોકોના મોત થયા હતા. આત્મઘાતી કાર બોમ્બ બ્લાસ્ટ આજે કરવામાં આવ્યો હતો. આ બ્લાસ્ટમાં ચીની દૂતાવાસને પણ આંશિક નુકસાન થયું છે. શક્તિશાળી બ્લાસ્ટ ભારતીય દુતાવાસથી આશરે ૫૦ મીટરના અંતરે આ બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો. આત્મઘાતી હુમલો કરવામાં આવ્યા બાદ ભારે અંધાધુંધી ફેલાઈ ગઈ હતી. બ્લાસ્ટના કારણે ભારતીય દુતાવાસની બારીને નુકસાન થયુ હતુ. તેમાં તિરાડ પડી ગઈ હતી. કાબુલમાં ઘટનાસ્થળ પર અનેક વાહનોના ફુરચે ફુરચા ઉડી ગયા હતા. બચાવ અને રાહત કામગીરી તરત જ હાથ ધરવામાં આવી હતી. ઘટનાસ્થળે અનેક કારને નુકસાન થયુ છે. હાલના વર્ષોના સૌથી ભીષણ હુમલા તરીકે આને ગણવામાં આવે છે.

કરાર પર હસ્તાક્ષર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટેશન, સાઈબર સિક્યુરિટી, રિન્યુએબલ એનર્જી, નાગરિક ઉડ્ડયનના સહકારમાં બંને દેશોએ પાંચ એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા. ભારતીય વિદેશ સર્વિસ સંસ્થા અને ડિપ્લોમેટીક એકેડમી ઓફ સ્પેન વચ્ચે પણ એક સમજૂતિ થઈ છે. મોદી ૧૯૮૮ બાદ સ્પનની મુલાકાત લેનાર પ્રથમ ભારતીય વડાપ્રધાન બન્યા છે. તેઓએ સ્પેનિશ પ્રમુખની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે રજોયના નેતૃત્વ હેઠળ સ્પેને મોટાપાયે આર્થિક સુધારા હાથ ધર્યા છે. આર્થિક સુધારા ભારત સરકારની પ્રાથમિકતાની યાદીમાં છે. અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચાર દેશોની પોતાની છ દિવસની યાત્રાના બીજા તબક્કામાં આજે સ્પેનના પાટનગર સ્પેન પહોંચી ગયા હતા. તેમની આ યાત્રાનો ઉદ્દેશ્ય દ્વિપક્ષીય સંબંધોને વધારે મજબુત કરવા અને સંબંધોને નવી ઉંચાઈ પર લઈ જવામાં આવશે. મોદી માને છે કે ભારતને બદલી નાંખવા માટે વિદેશમાથી મોટા પાયે વિદેશી રોકાણની જરૂર દેખાઈ રહી છે. મોદીએ સ્પેન પહોંચી ગયા બાદ ટ્વિટર પર અંગ્રેજી અને સ્પેનિશમાં લખવામાં આવ્યુ હતુ કે તેઓ સ્પેન પહોંચી ગયા છે. મોદી મેડ્રિડ પહોંચી ગયા હતા. આશરે ત્રણ દશકમાં કોઈ ભારતીય વડાપ્રધાનની આ પ્રથમ યાત્રા છે. એક ખાસ ભાવ દર્શાવીને સ્પેનિશ વિદેશ પ્રધાને તેમનુ સ્વાગત કર્યુ હતુ. મોદી દ્વિપક્ષીય સંબંધોને મજબુત કરવા માટે પોતાના સ્પેનિશ સમકક્ષ મારિયાનો રજોઈની સાથે વાતચીત કરી હતી. જેમાં ટેકનોલોજીનો મુદ્દા છવાઈ ગયા હતા. મોદી સ્પેનના મહારાજા ફિલિપને પણ મળ્યા હતા.

બંને દેશો વચ્ચે સંબંધોમાં જોરદાર ઉછાળો આવ્યો છે. બંનેએ સંયુક્તરીતે પત્રકાર પરિષદ પણ યોજી હતી. વાતચીત બાદ બંને પક્ષોએ સાઈબર પોલિસી, વિકાસની પહેલ સહિત અનેક મુદ્દા પર સંયુક્ત ઘોષણાપત્ર ઉપર હસ્તાક્ષર કર્યા હતા.પ્રથમ તબક્કામાં મોદી જર્મની પહોંચ્યા હતા. યાત્રાના બીજા તબક્કામાં તેઓ આજે સ્પેન પહોંચી ગયા હતા. જર્મનીમાં પણ મોદીએ અનેક સમજૂતી કરી હતી. મોદી હવે સ્પેન બાદ રશિયા જશે. છેલ્લે ફ્રાંસ જશે.

વિકાસ દર

● અનુસંધાન પહેલાનું ચાલુ

નોંધાયો છે. એટલું જ નહીં બલ્કે મોટાપાયે રોજગારી ઉપલબ્ધ કરાવનાર મેન્યુફેક્ચરીંગ સેકટરના ગ્રોથમાં પણ ઘટાડો નોંધાયો છે. મેન્યુફેક્ચરીંગ સેકટર ગ્રોથ રેટ ૧૨.૭ ટકાથી ઘટીને ૫.૩ ટકા થયો છે. નોટબંધીના પરિણામ સ્વરૂપે જીડીપી સહિત આઠ કોર સેકટરના ગ્રોથમાં ઘટાડો થતા સરકાર ચિંતાતૂર દેખાઈ રહી છે. કોર સેકટરમાં ગ્રોથ ગયા વર્ષે ૮.૭ ટકાની સરખામણીમાં ઘટીને ૨.૫ ટકા થયો છે. ક્રુડ ઓઈલ અને સિમેન્ટ ઉત્પાદનમાં ઘટાડો થયો છે. કોલસાના ઉત્પાદનમાં પણ ઘટાડો નોંધાયો છે. કોલસા, ક્રુડ ઓઈલ, નેચરલ ગેસ, રિફાઈનરી પ્રોડક્ટ, ફર્ટીલાઈઝર્સ, સ્ટીલ, સિમેન્ટ અને ઈલેકટ્રિસિટી એમ આઠ ઈન્ફ્રાસ્ટ્રકચર સેકટરમાં ગ્રોથ રેટ ગયા વર્ષે એપ્રિલમાં ૮.૭ ટકા નોંધાયો હતો. જે હવે ઘટીને ૨.૫ ટકા થયો છે. કોલસા, ક્રુડ ઓઈલ, સિમેન્ટ પ્રોડકશનમાં નેગેટીવ ગ્રોથ રેટ ક્રમશઃ ૩.૮ ટકા, ૦.૬ અને ૩.૭ ટકા નોંધાયો છે. જોકે નેચરલ ગેસ, ખાતર અને સ્ટીલમાં પોઝીટીવ ગ્રોથ રેટ ક્રમશઃ ૨, ૬.૨ ટકા અને ૯.૩ ટકા રહ્યો છે.

સજાની ભલામણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કારાવાસની જોગવાઈ કરવામાં આવે. હજુ સુધી આ મામલામાં ત્રણ વર્ષની સજાની જોગવાઈ રહેલી છ. હિંગોનીયા ગૌશાળામાં ગાયોના મોતના મામલામાં સુનાવણી કરતી વેળા રાજસ્થાન હાઈકોર્ટે આ મુજબના નિર્દેશ આપ્યા હતા. અધિકારીઓને નિર્દેશ આપવામાં આવ્યા છે કે ગૌશાળાઓ પર ત્રણ મહિનામાં રિપોર્ટ તૈયાર કરવામાં આવે. આ ઉપરાંત દર મહિને પ્રવાસ કરીને સ્થિતિની ચકાસણી પણ કરવામાં આવે. વન વિભાગ માટે પણ કેટલાક આદેશો જારી કરવામાં આવ્યા છે. જેમાં કહેવામાં આવ્યું છે કે ગૌશાળામાં દર વર્ષે પાંચ હજાર વૃક્ષો લગાવવામાં આવે તે જરૂરી છે. જજ મહેશ શર્માએ એક ઐતિહાસિક ચુકાદો આજે આપ્યો હતો. મીડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે જજે કહ્યું છે કે તેઓ શિવ ભક્ત છે અને આ નિર્ણય આત્માના અવાજ ઉપર આપી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે ગાયોની સુરક્ષા રાજ્ય સરકારની જવાબદારી છે. અત્રે નોંધનિય છે કે રોયલ બંગાળ ટાઈગર હાલમાં રાષ્ટ્રીય પશુ તરીકે છે.

મારામારી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચહેરા ખુલ્લા પડી ગયા છે. તેમના હવાલા કનેકશનમાં તમામ પુરાવા તેમની પાસે છે. કેજરીવાલના સંબંધી પણ તપાસના ઘેરામાં છે. જૈનના ૩૦૦ કરોડ રૂપિયાના મેડિસીન કૌભાંડનો પણ પર્દાફાશ થઈ ચુક્યો છે. આ તમામને તેઓ ખુલ્લા પાડશે. વિધાનસભામાં તેમની સાથે શું થયું તે અંગે વાત કરતા કપિલે કહ્યું હતું કે તેમને કહેવામાં આવ્યું હતું કે તેમને બોલવાની તક આપવામાં આવશે. જ્યારે બોલવાની તક નહીં મળી ત્યારે આને લઈને રજુઆત કરી હતી. રામલીલા મેદાનમાં ખાસ સત્ર કેજરીવાલ અને જૈનના કૌભાંડ ઉપર બોલાવવામાં આવે. તમામ પ્રજાની સાથે વાસ્તવિકતા પણ જાણી શકાશે એમ કહીન જ્યારે પોતાની સીટ પર આગળ વધ્યા ત્યારે ચારથી પાંચ ધારાસભ્ય આગળ આવી ગયા હતા અને તેમના પર હુમલો કર્યો હતો. જેમાં મદનલાલ અને જનરેલસિંહ પણ હતા. કપિલે કહ્યું હતું કે તેઓ પોતાની વાત કરી રહ્યા હતા ત્યારે જ ધારાસભ્યોએ તેમના પર હુમલો કર્યો હતો.

રીનોવેશન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખર્ચના અંતે હજુ કામ પુર્ણ થયુ નથી. જયારે નતનવી સમસ્યાઓ સ્થાનિક રહીશો માટે મુંઝવણનુ કારણ બની છે. આવાસોના મજબુતીકરણની કામગીરીમાં ગુણવત્તા અને પુર્ણતા ન જળવાતા સરકારી મકાનોને જોખમી કેટેગરીમાંથી બહાર આવી શક્યા ન હોવાનો રોષ પ્રબળ બન્યો છે. સે-૧૨ ના જ-૨ કક્ષાના આ બ્લોક રખડતા ઢોર અને ગંદકીનો અડ્ડો બન્યા છે. જયારે ખુલ્લા આવાસોમાં આગામી દિવસોમાં નવા દુષણો પ્રવેશે તેવો ભય પણ સ્થાનિક રહીશોને સતાવી રહયો છે. ત્યારે આવાસોના મજબુતીકરણનુ બાકીનુ કામ પણ ત્વરિત પુર્ણ કરવામાં આવે તે અનિવાર્ય હોવાનુ પણ સ્થાનિકો જણાંવી રહયા છે.

મનના ઉમંગો

● ૪ પાનાનું ચાલુ...

આવડત હોય તેટલી.

- લિ તારો વિશ્વાસુ ચતુર.

મોટાભાઈ તો આ સાંભળીને સ્તબ્ધ થઈ જાય છે. મુંબઈ જવાનું ટાળીને ત્યાંથી જ ઘેર પાછા વળે છે. નાનાભાઈને બોલાવે છે તે આવતો નથી તો જાતે તેની પાસે જાય છે. તેના પુત્ર પાસે કાગળ વંચાવે છે. ધીરુ કાગળ વાંચે છે, ગુજરાતીમાં સમજાવે છે.

ભાઈ નરોત્તમ, એક રસવાળી કેરી ભાગ્યે મારા હાથમાં સોંપી છે. એ જ ઝાડની બીજી કેરી આ સાથે મોકલુ છું. તારામાં તાકાત હોય તેટલી ચૂંસીને ફેંકી દેજે. મોટોભાઈ ગળગળો થઈ જાય છે. ચાર વરસ પહેલાંની બે કેરીઓની વાત આટલી હદે પહોંચશે એવું કોણે ધાર્યું હતું એમ કહી રડી પડે છે. બધી મિલ્કત નાનાને સોંપવા તૈયાર થઈ જાય છે. બેઉ ભાઈ ક્રૂસકે ક્રૂસકે રડે છે. તેમના બાળકો પણ એકબીજાને ભેટીને રડે છે. ફરી એક વાર કાકાસાહેબ એમની શૈલીમાં અદ્‌ભૂત શબ્દો લખે છે.

શી દૈવની ગતિ ! કેરી ઉપર લડવા ગયા અને ચાર વર્ષની અંદર પોતે જ વકીલોને ચૂસવાની કેરી બની ગયા !

આ નાટકમાં નાના નાના બાર પ્રવેશ છે. વધુમાં દસ ગીતો છે. આપણા જાણીતા કવિ જુગતરામ દવેએ આ ગીતો લખ્યા છે. બાળકો આ નાટક ભજવી શકે કે કેમ તેવો પ્રશ્ન ઘણાને થાય છે. પરંતુ નાટકની વસ્તુ અને સંદેશ નિહાળતા એટલું તો સ્પષ્ટ થાય છે તે સમયના સાહિત્યકારોને દેશ અને પ્રજાની કેટલી બધી ચિંતા હતી. આ લેખકો પોતાનો એક પણ શબ્દ અમસ્તો વેડફાઈ ના જાય તેની પારાવાર કાળજી રાખતા હતા. પણ આપણામાં પણ કેરીનો રસ ખાતા ખાતા આવી સદ્‌બુદ્ધિ આવે એવી ભગવાનને પ્રાર્થના કરીએ.

આવો, હસીએ...

● ૪ પાનાનું ચાલુ...

આ સાંભળી તે ગ્રુપમાં રમ